નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/
પોલીસી/૧(૮)/૦૫
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૬ – ૦૧ – ૨૦૦૯.

:–: પ રિ પ ત્ર :–:

વિષયઃ– <u>નિગમની વસાહતોમાં આનુસાંગિક સુવિધા જેવી કે હોસ્પિટલ, આઈ.ટી.આઈ. અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરને જગ્યાની ફાળવણી કરવા બાબત.</u>

નિગમની જુદી જુદી વસાહતોમાં પ્લોટ/શેડ/વાણિજય મિલકતો વિગેરેની ફાળવણી સાથે સાથે વસાહતને અનુરૂપ આનુસાંગિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. વસાહતોમાં પુરી પાડવામાં આવતી આનુસાંગિક સુવિધાઓની ફાળવણીની નીતિમાં ફેરફાર અંગે નિગમની ૩૯૦ મી સભા જે તા.૨૯–૦૯–૧૯૯૯ ના રોજ મળેલ તેના ઠરાવ ક્રમાંક.૧૫૬/વિતરણ/૩૯૦/૯૯ થી કરવામાં આવેલ છે.

નિગમની ૪૧૪ મી સભા જે તા.૧૭–૧૦–૨૦૦૩ ના રોજ મળેલ તેમા ઠરાવ્યા મુજબ શૈક્ષણિક હેતુસર અને હોસ્પિટલના હેતુસર નિગમની વસાહતમાં પ્લોટની ફાળવણી જે તે ઝોનને અનુલક્ષીને પ્રવર્તમાન વિતરણ દરે ફાળવણી કરવામાં આવે છે. જયારે આઈ.ટી.આઈ. તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરને જમીન ફાળવવા બાબતે નિગમની કોઈ ચોકકસ નીતિ અમલમાં નથી. આથી નિગમ તરફથી હોસ્પિટલ, આઈ.ટી.આઈ. અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરને જમીન ફાળવવાને લગતી પ્રવર્તમાન નીતિમાં પુનઃ વિચારણા કરવા સારૂ નિગમની ૪૪૦ મી સભા જે તા.૧૮–૧૨–૨૦૦૮ ના રોજ મળેલ. તેમા ઠરાવ્યા અનુસાર આવી સંસ્થાઓને જમીન ફાળવવા તેમજ તેના વિતરણ દર અંગેની નીતિ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે......

<u>(૧)</u> નિગમની હાલની નીતિ મુજબ હોસ્પિટલના હેતુસર જે કોઈ પ્લોટ ફાળવવામાં આવે તે જે તે ઝોનને અનુલક્ષીને પ્રવર્તમાન વિતરણ દરે ફાળવણી કરવામાં આવે છે. તેને બદલે જે તે ઝોનના પ્રવર્તમાન વિતરણ દરના ૫૦% દરે ફાળવણી કરવી.

<u>(૨)</u> જે તે વસાહતોમાં કુશળ કારીગરો તૈયાર કરવા આઈ.ટી.આઈ.ને જમીન ફાળવવા અંગે તેમજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર માટે જમીન ફાળવવા માટે પ્રવર્તમાન ફાળવણી દરના ૫૦% દરે જમીન ફાળવણી કરવાની રહેશે.

વધુમાં ઉપરોકત સુવિધા માટે જે તે સંસ્થાને અથવા એન.જી.ઓ. ને જમીનની ફાળવણી કરવામાં આવે, ત્યારે સદર સંસ્થામાં સ્થાનિક નોટીફાઈડ એરીયા અધિકારી તેમજ સ્થાનિક એસોસીએશનના એક પ્રતિનિધિ તેમજ જી.આઈ.ડી.સી.ના પ્રાદેશિક મેનેજરશ્રી/વિભાગીય પ્રબંધકશ્રીને સંસ્થા તરફથી નિયુકત કરવાના રહેશે.

<u>(પા છ ળ)</u>

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે. પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ)ને નામ જોગ પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ....

<u>નકલ રવાના.</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ તરફ જાણસારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.

રવાના કર્યું.
(સહી)
મેનેજર(મહેકમ)